નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૨ તા.૦૬-૦૧-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષયઃ- નાણાં ખાતાના સરક્યુલર નં.૮૯ તા.૩૧/૦૩/૨૦૧૬ અન્વયે થયેલ રજા પ્રવાસ રાહત યોજના ૨૦૧૬-૧૯ના બ્લોકની મુદતમાં વધારો તથા ખાસ રોકડ પેકેજ જાહેર કરવા બાબત.

આથી મ્યુનિ. શાળાઓનાં મુખ્ય શિક્ષકશ્રીઓને જણાવવામાં આવે છે કે આ સાથે મ્યુનિ. કોર્પો.નાણા ખાતું સરકયુલર નં.૪૩ તા.૦૫-૦૧-૨૦૨૧ અનુસાર **"રજા પ્રવાસ રાહત યોજના ૨૦૧૬-૧૯ના બ્લોકની મુદતમાં વધારો તથા ખાસ રોકડ પેકેજ જાહેર કરવા બાબત"**નો પત્ર સામેલ છે. આ પરિપત્રનો લાભ ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદના તમામ કર્મચારીશ્રીઓને મળવાપાત્ર છે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૦૬-૦૧-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન

મહાનગર સેવા સદન, સરદાર પટેલ ભવન,

દાણાપીઠ,અમદાવાદ- ૩૮૦૦૦૧

નાણાં ખાતુ
સરક્યુલર નં -૪૩
તા.૦૫ /૦૧/૨૦૨૧

નાણાં ખાતાના સરક્યુલર નં-૮૯ તા.૩૧/૦૩ /૨૦૧૬ અન્વયે થયેલ રજા પ્રવાસ રાહત યોજના ૨૦૧૬-૧૯ ના બ્લોકની મુદતમાં વધારો તથા ખાસ રોકડ પેકેજ જાહેર કરવા બાબત

સંદર્ભ : (૧) ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯/ચ તા. ૨૨/૧૨/૨૦૨૦
(૨)નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક. મસભ/૧૦૨૦૧૩/૧૪૨૯૬૯/ચ તા.૨૮/૮/૨૦૧૫
(૩) નાણાં વિભાગના ઠરાવ ક્રમાંક. મસભ/૧૦૨૦૧૩/૧૪૨૯૬૯/ચ તા. ૨૨/૩/૨૦૧૬
(૪) ભારત સરકાર, નાણાં મંત્રાલયનું ઓફીસ મેમોરેન્ડમ નં. એફ નં. ૧૨(૨)/૨૦૨૦-ઇ(એ) તા.૧૨/૧૦/૨૦૨૦

રાજ્ય સરકારશ્રીના સંદર્ભિત જી.આર-૧ અન્વયે મે.મ્યુનિ.કમિશનરશ્રી ના ઠરાવ નં - ૩૦ તા.- ૦૪/૦૧/૨૦૨૧ની મળેલ મંજુરી મુજબ હાલમાં કોવિડ-૧૯ મહામારી અંતર્ગત સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવેલ લોકડાઉનના કારણે ટ્રાન્સપોર્ટેશન અને હોસ્પિટાલીટી ક્ષેત્રમાં મુશ્કેલી પડવાના કારણે, રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત રાજ્ય સરકારના અમુક કર્મચારીઓ ગત બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ કે જે આપોઆપ એક વર્ષ લંબાયેલ છે તેની મુદ્દત તા. ૩૧/૧૨/૨૦૨૦ ના રોજ પૂર્ણ થાય છે તેમાં વધુ ત્રણ માસનો વધારો કરી તા. ૩૧/૦૩/૨૦૨૧ સુધી લંબાવામાં આવેલ છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના એલ.ટી.સી. મેળવાપાત્ર કર્મચારીઓને રાજ્ય સરકારશ્રીના ધોરણે ઠરાવ ક્રમાંક : મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯/ચ તા. ૨૨/૧૨/૨૦૨૦ અન્વયે રાજ્ય સરકારશ્રીના જી.આર. મુજબ તથા દર્શાવેલ શરતોને આધિન રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાની અવેજીમાં રોકડ પેકેજ યોજનાનો લાભ આપવાનું ઠરાવેલ છે. રાજ્ય સરકારશ્રીના ઠરાવની નકલ આ સાથે સામેલ છે.

આ પરિપત્રનો લાભ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કર્મચારીઓ ઉપરાંત એ.એમ.ટી.એસ. મ્યુનિસિપલ સ્કૂલ બોર્ડ, શેઠ વા.સા. જનરલ હોસ્પિટલ તથા શેઠ મા. જે. લાયબ્રેરીના કર્મચારીઓને આપવાનો થશે.

ડે. મ્યુનિસિપલ કમિશનર
(નાણાં)

રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાની **અવેજીમાં** ખાસ રોકડ પેકેજ જાહેર કરવા અને બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ ની મુદ્દતમાં વધારો કરવા બાબત

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક:મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯-ચ
સચિવાલય, ગાંધીનગર.
તારીખ:૨૨/૧૨/૨૦૨૦

વંચાણે લીધા: (૧) નાણા વિભાગના ઠરાવ ક્ર. મસભ/૧૦૨૦૧૩/૧૪૨૯૬૯/ચ, તા.૨૮/૮/૨૦૧૫
(૨) નાણા વિભાગના ઠરાવ ક્ર. મસભ/૧૦૨૦૧૩/૧૪૨૯૬૯/ચ, તા.૨૨/3/૨૦૧૬
(3) ભારત સરકાર, નાણા મંત્રાલયનું ઓફીસ મેમોરેન્ડમ નં. એફ નં. ૧૨(૨)/૨૦૨૦-ઇાા(એ) તા. ૧૨/૧૦/૨૦૨૦

// ઠરાવ //

રાજ્ય સરકારના કર્મચારીઓના કિસ્સામાં રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના નાણા વિભાગના તા. ૧૫/૧૦/૧૯૬૬ ના ઠરાવથી અમલમાં મુકવામાં આવેલ છે. પ્રસ્તુત યોજના અંતર્ગત વખતોવખત થયેલ સુધારાનું વહીવટી અમલીકરણ સરળ બને તે હેતુસર વંચાણમાં લીધેલ ક્રમ (૧) અને ક્રમ (૨) ના ઠરાવથી સંકલીત સુચનાઓ બહાર પાડવામાં આવેલ છે.

હાલમાં કોવિડ-૧૯ મહામારી અંતર્ગત સમગ્ર દેશમાં લાગુ કરવામાં આવેલ લોકડાઉનના કારણે ટ્રાન્સપોર્ટેશન અને હોસ્પિટાલીટી ક્ષેત્રમાં મુશ્કેલી પડવાના કારણે, રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત રાજ્ય સરકારના અમુક કર્મચારીઓ ગત બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ કે જે આપોઆપ એક વર્ષ લંબાયેલ છે અને તેની મુદત તા. ૩૧/૧૨/૨૦૨૦ ના રોજ પૂર્ણ થાય છે, તેનો લાભ લઇ શકેલ નથી. સદરહુ મુદતમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

વધુમાં, હાલ કોરોના મહામારી અંતર્ગત લોકડાઉનના કારણે વેપાર જગતમાં તંગી પ્રવર્તે છે.તે જોતાં લોકોની ખરીદ શક્તિ વધે અને તે મુજબ રાજ્યની અર્થવ્યવસ્થાને વધુ વેગ મળે તે હેતુને ધ્યાને રાખી, રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ યોજનાની અવેજીમાં ખાસ રોકડ પેકેજ યોજના જાહેર કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઉપર જણાવેલ બન્ને બાબતો પરત્વે પુખ્ત વિચારણાના અંતે ઉપર વંચાણમાં લેવામાં આવેલ ક્રમ(૧) અને (૨) ના ઠરાવની જોગવાઇઓને આધીન નીચે મુજબ આથી ઠરાવવામાં આવે છે.

રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત ગત બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ કે જે આપોઆપ એક વર્ષ લંબાયેલ છે અને તેની મુદત તા. ૩૧/૧૨/2020 ના રોજ પૂર્ણ થાય છે તેમાં વધુ ૩ (ત્રણ) માસનો વધારો કરી, તા. ૩૧/૩/૨૦૨૧ સુધી લંબાવવામાં આવે છે.

રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત ગત બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ નો લાભ લેવામાંથી વંચીત રહેલ કર્મચારીઓ અને હાલમાં સેવામાં ચાલુ હોય તેવા કર્મચારીઓના કિસ્સામાં, રજા પ્રવાસ રાહત/ વતન પ્રવાસ રાહત યોજના અનુસંધાનમાં ખરેખર મુસાફરી કરવાના <u>વિકલ્પે</u> નીચે જણાવેલ શરતોને આધીન <u>ખાસ રોકડ પેકેજ યોજના</u> જાહેર કરવામાં આવે છે.

૧. જે કર્મચારીઓ દ્વારા બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ નો લાભ ભોગવી લેવામાં આવેલ છે તેઓને આ ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ મળવાપાત્ર થશે નહીં.

૨. આ યોજના બ્લોક વર્ષ ૨૦૨૦-૨૩ માટે લાગુ પડશે નહીં.

૩. ખાસ રોકડ પેકેજ યોજના અંતર્ગત રજા પ્રવાસ રાહત પેશગી મળવાપાત્ર થશે નહીં.

૪. ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ લેવા ઇચ્છુક કર્મચારીઓના કિસ્સામાં, કર્મચારી દ્વારા રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત નિયમોનુસાર મળવાપાત્ર થતી પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતરની રકમ જેટલો કે તેથી વધુ ખર્ચ કરવામાં આવે તો જ, તે રજાનું રોકડમાં રૂપાંતરની મળવાપાત્ર થતી રકમ ગણતરીમાં લેવાની રહેશે. સદરહુ રજાઓને એલટીસી અંતર્ગત રજાનું રોકડમાં રૂપાંતર કરવા બાબતમાં મળવાપાત્ર રજાઓમાં ગણતરીમાં લેવાની રહેશે.

૫. આ યોજના અંતર્ગત સુચિત રજા પ્રવાસ રાહતનું ભાડુ નીચે જણાવ્યા મુજબ મંજુર કરવાનું રહેશે.

અધિકારી/કર્મચારીની કક્ષા	પ્રત્યેક કર્મચારીના કિસ્સામાં મુસાફરી અંગે સુચિત ભાડુ (સંપૂર્ણ ભાડુ)
છઠ્ઠા પગારપંચ મુજબ રૂ. ૭૬૦૦/- ગ્રેડ પે કે તેથી વધુ ગ્રેડ પે મુજબનો પગાર ધરાવતા	રૂ. ૨૦,૦૦૦/-
છઠ્ઠા પગારપંચ મુજબ રૂ. ૭૬૦૦/- ગ્રેડ પે કરતા ઓછો ગ્રેડ પે મુજબનો પગાર ધરાવતા	રૂ. ૬,૦૦૦/-

૬. ઉપર જણાવેલ ભાડાની સુચિત રકમ કરતા કર્મચારી દ્વારા ૩ (ત્રણ) ગણો ખર્ચ કરવામાં આવે તો, સુચિત ભાડાની રકમ મળવાપાત્ર બનશે.

૭.   રજાનું રોકડમાં રૂપાંતર અને સૂચિત ભાડાની રકમની પાત્રતા માટે, કર્મચારી દ્વારા જીએસટી રજીસ્ટર્ડ વેપારી/સેવા પુરી પાડનાર પાસેથી, ૧૨% થી ઓછો જીએસટી દર ન હોય તેવી કોઇ વસ્તુ ખરીદ કરવામાં/સેવા મેળવવામાં આવેલ હોય અને તે પરત્વેનું ચુકવણું શક્યતઃ ડીજીટલ માધ્યમ દ્વારા કરવામાં આવેલ હોય તેમજ જીએસટી નંબર અને ચુકવેલ જીએસટીની રકમ દર્શાવતું ચલણ મેળવેલ હોય તે ધ્યાને લઇ, (૧) રજાનું રોકડમાં રૂપાંતર જેટલી રકમ અને (૨) સુચિત ભાડાથી ત્રણ ગણી રકમનો ખર્ચ કરવાનો રહેશે.

૮.   કર્મચારીને મળવાપાત્ર રકમનું ચુકવણુ સદરહુ પેકેજની કુલ રકમ (એલટીસી માટે મળવાપાત્ર રજાનું રોકડમાં રૂપાંતર અને સુચિત ભાડુ) અથવા આ સાથે સામેલ પરિશિષ્ટ – A મુજબના ઉદાહરણમાં દર્શાવ્યા મુજબના ખર્ચની મર્યાદામાં મળવાપાત્ર થશે.

જે કર્મચારીનાં કિસ્સામાં રજાનું રોકડમાં રૂપાંતરનો લાભ મેળવ્યા સિવાય ખાસ રોકડ પેકેજનો લાભ મળવાપાત્ર બનતો હોય, તે કિસ્સામાં આ સાથે સામેલ પરિશિષ્ટ – B મુજબની મર્યાદામાં રકમ મળવાપાત્ર થશે.

૯.   સદરહુ યોજના અંતર્ગત પરિશિષ્ટ-A મુજબના ઉદાહરણમાં દર્શાવ્યા મુજબના જે તે કર્મચારીને મળવાપાત્ર રજાનું રોકડમાં રૂપાંતરની રકમ (A) હોય, તેમજ તેમને મળવાપાત્ર સુચિત ભાડાની રકમ (B) ધ્યાને લેતા, જે તે કર્મચારી દ્વારા જો રજાનું રોકડમાં રૂપાંતરની રકમ (A) અને મળવાપાત્ર સુચિત ભાડાની ત્રણ ગણી રકમ (3XB) જેટલો ખર્ચ કરવામાં આવે તો સદરહુ પેકેજ યોજના અંતર્ગત મહત્તમ રકમ એટલે કે રજાનું રોકડમાં રૂપાંતરની રકમ (A) અને મળવાપાત્ર સુચિત ભાડાની રકમ (B) જેટલી રકમ મળવાપાત્ર થશે.

૧૦.   જે કિસ્સામાં રજાનું રોકડમાં રૂપાંતરની રકમ (A) અને મળવાપાત્ર સૂચિત ભાડાની ત્રણ ગણી રકમ (3XB) કરતાં ઓછો ખર્ચ કરવામાં આવે તે કિસ્સામાં આ સાથે સામેલ ઉદાહરણ (પરિશિષ્ટ-A) મુજબ પ્રોપોર્શન ધોરણે રકમ મળવાપાત્ર રહેશે.

૧૧.   સદરહુ પેકેજ યોજનાનો લાભ તા. ૩૧/૩/૨૦૨૧ સુધીમાં લેવાનો રહેશે અને આ બાબત પરત્વેના દાવાઓ શક્યતઃ તા. ૩૧/૩/૨૦૨૧ સુધીમાં સરભર કરવામાં આવે તે જોવાનું રહેશે.

૧૨.   પ્રવર્તમાન નિયમોનુસાર રજાનું રોકડમાં રૂપાંતરના કિસ્સામાં ટીડીએસ લાગુ પડે છે. સદરહુ પેકેજ યોજના અંતર્ગત સુચિત ખરેખર કરેલ મુસાફરીના બદલે એલટીસી ભાડુ સરભર કરવાનું નિયત કરવામાં આવેલ હોવાની બાબત ધ્યાને લેતાં, સદરહુ રજાનું રોકડમાં રૂપાંતરની રકમ આવકવેરાના હેતુ માટે ગણતરીમાં લેવાની રહેશે નહીં તેમજ સુચિત એલટીસી ભાડાને સરભર કરતા સમયે ટીડીએસની કપાત કરવાની રહેશે નહીં.

૧૩.   સદરહુ પેકેજ યોજનાનો લાભ લેવા માટે કર્મચારીએ ફરજીયાતપણે રજાનું રોકડમાં રૂપાંતર અને એલટીસી ભાડુ બન્નેનો લાભ લેવાનો રહેશે અને તો જ આ પેકેજનો લાભ મળવાપાત્ર થશે.

૧૪. સદરહુ પેકેજ યોજનાના અમલીકરણના અનુસંધાનમાં લાગુ પડતી વધુ સ્પષ્ટતાઓ આ સાથે સામેલ પત્રક મુજબ ધ્યાને લેવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મહેશ પી. ધોળકિયા)
સેક્શન અધિકારી
નાણા વિભાગ

<u>નકલ રવાના પ્રતિ:-</u>

* માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર
* માન. મુખ્ય મંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. મંત્રીશ્રીઓ/રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.

* સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
* રજીસ્ટ્રારશ્રી, ગુજરાત લોકાયુક્ત કચેરી, લોકાયુક્ત ભવન, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગાંધીનગર.
* અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
* સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના તમામ વિભાગો/સર્વે ખાતાના વડાઓ

એકાઉન્ટન્ટ જનરલ ઓડિટ-૧, ગુજરાત, બહુમાળી ભવન, લાલ દરવાજા, અમદાવાદ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી(એ.એન્ડ ઇ.), ગુજરાત, પો.બો. નં. ૨૨૦, રાજકોટ.

એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ એન્ડ ઇ) ગુજરાત, અમદાવાદ.

પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.

સર્વે જીલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/પેટા તિજોરી અધિકારીશ્રીઓ.

સ્થાનિક ભંડોળ હિસાબ, ડી. એ. ટી.ગાંધીનગર /સર્વે સહાયક નિરિક્ષકશ્રીઓ.

નિવાસી ઓડીટ અધિકારીશ્રી, અમદાવાદ/ગાંધીનગર.

નિયામકશ્રી, હિસાબ અને તિજોરીની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડની કચેરી, લેખાનુભવન, ગાંધીનગર.

તમામ નિગમ/બોર્ડ/યુનિવર્સિટીઓ/રાજ્ય સરકારના તમામ જાહેર સાહસો.

સીસ્ટમ મેનેજરશ્રી, નાણા વિભાગ..... વેબસાઇટ ઉપર મુકવા સારૂ.

સિલેક્ટ ફાઇલ

* પત્ર દ્વારા

ખાસ રોકડ પેકેજ યોજના અંતર્ગત સંભવિત પ્રશ્નો અને જવાબો

ક્રમ	પ્રશ્ન	જવાબ
૧	સદરહું ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ લેવા માટે જે-તે કર્મચારીએ રજા લેવી અથવા ખરેખર મુસાફરી કરવી આવશ્યક છે?	સદરહું યોજના રજા પ્રવાસ રાહત યોજનાની અવેજીમાં હોઇ, જે-તે કર્મચારીએ રજા લેવાની કે ખરેખર મુસાફરી કરવાની આવશ્યક્તા નથી.
૨	સદરહું યોજના માટે ઉપયોગમાં લેવામાં આવનાર જે-તે એલટીસી બ્લોકનો આંશિક ઉપયોગ જે-તે કર્મચારી અથવા તેના કુટુંબનાં સભ્યો દ્વારા કરવામાં આવેલ હોય તેમને સદરહું યોજનાનો લાભ મળવાપાત્ર છે? કેટલી મર્યાદામાં?	હા. બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ દરમિયાન વણવપરાયેલ એલટીસી ભાડાની મર્યાદામાં નાણા વિભાગનાં તા.૨૮/૦૮/૨૦૧૫નાં ઠરાવની જોગવાઇ મુજબ પ્રોરાટા ધોરણે મળવાપાત્ર થશે.
3	જો કોઇ કર્મચારી રજા પ્રવાસ રાહત યોજનાનાં હેતુ માટે મળવાપાત્ર રજાનું રોકડમાં રૂપાંતરની મહત્તમ મર્યાદા વટાવી ચુકેલ હોય તો તેવા કિસ્સામાં આ યોજનાનો લાભ મળવાપાત્ર છે?	હા. પરિશિષ્ટ-B નાં ઉદાહરણ મુજબ મળવાપાત્ર થશે.
૪	વસ્તુ અથવા સેવાની ખરીદીનાં અનુસંધાને એક જ બીલ રજુ કરવાનું રહેશે કે એકથી વધારે બીલો પણ રજુ કરી શકાય?	એક થી વધારે બીલો પણ રજુ કરી શકાય છે. વસ્તુ અથવા સેવાની ખરીદી આ ઠરાવ પ્રસિદ્ધ થયા તારીખ થી તા.3૧/03/૨૦૨૧ સુધીમાં થયેલ હોવી જોઇએ. ૧૨% થી વધારે જીએસટી દર ધરાવતી વસ્તુ અથવા સેવાની ખરીદી થયેલ હોવી જોઇએ અને તેનાં માટેનું ચુકવણું શક્યતઃ ડિજિટલ માધ્યમથી થયેલ હોવું જોઇએ.
૫	આ યોજનાનો લાભ લેવા માટેની અરજી કરવા અંગે કોઇ સૂચિત નમૂનો છે?	કોઇ જ સૂચિત નમૂનો નથી. સદરહું યોજનાનો લાભ લેવા અંગેની સાદી અરજી સક્ષમ અધિકારી સમક્ષ રજુ કરવાની રહેશે.
૬	જો કોઇ કર્મચારી જે-તે વસ્તુ/સેવા, બીલ/ઇનવોઇસ મુજબ	જીએસટીની વિગતો ધરાવતાં ઇનવોઇસનાં આધારે સદરહું યોજના

	તા.૩૧/૦૩/૨૦૨૧નાં રોજ અથવા તે પહેલા ખરીદી કરે છે પરંતુ જે-તે વસ્તુ/સેવા એપ્રિલ,૨૦૨૧ દરમ્યાન મેળવે તેવા કિસ્સામાં?	અંતર્ગત ખર્ચની રકમ મળવાપાત્ર છે. આથી, અંતિમ સમયે વહીવટી પ્રશ્નો ઉદ્દભવે નહિં તે બાબત ધ્યાને લેતાં, સદરહું યોજનાનો લાભ લેવા માટેનાં દાવાઓ શક્યતઃ તા.૩૧/૦૩/૨૦૨૧ પહેલા સરભર કરવાની તકેદારી રાખવી હિતાવહ છે.
૭	ડિજિટલ માધ્યમથી ચુકવણું કરવા જે-તે કર્મચારી દ્વારા તેનાં પતિ/પત્નિ અથવા કુટુંબનાં અન્ય સભ્યોનાં ક્રેડિટ કાર્ડનો ઉપયોગ કરી શકાય?	સદરહું યોજના અંતર્ગત ખર્ચની રકમ મેળવવા માટે રજુ કરવામાં આવનાર ઇનવોઇસ જે-તે કર્મચારીનાં નામે હોવુ જરૂરી છે.
૮	લેવડ-દેવડ(ટ્રાન્ઝેક્શન) ની કોઇ સંખ્યા મર્યાદા છે?	વહીવટી અનુકુળતા જળવાય તે હેતુને ધ્યાને લેતાં શક્યતઃ ઓછી સંખ્યામાં લેવડ-દેવડ કરવી.
૯	ઇ-કોમર્સ પ્લેટફોર્મ પરથી ખરીદી કરી શકાય?	જરૂરી ઇનવોઇસ/વિગતો આપવામાં આવે તેવા કિસ્સાઓ માટે, ઇ-કોમર્સ પ્લેટફોર્મ પરથી ખરીદી કરી શકાય.
૧૦	પતિ-પત્નિ બન્ને સરકારી કર્મચારીઓ હોય. જો એક કર્મચારી દ્વારા પોતાના અને પોતાના પતિ/પત્નિ માટે, ખાસ રોકડ પેકેજનો લાભ, રજાનું રોકડમાં રૂપાંતર સહિત મેળવેલ હોય તો તેવા કિસ્સામાં તેના પત્નિ/પતિને રજાનું રોકડમાં રૂપાંતર મળી શકે?	હા.
૧૧	લોન/ઇએમઆઇ પદ્ધત્તિ મુજબ ખરીદ કરવામાં આવેલ હોય તેવી વસ્તુ / સેવાનો સમાવેશ આ યોજના અંતર્ગત થાય છે?	લોન/ઇએમઆઇ પદ્ધત્તિ મુજબ ૧૨%થી ઓછો નહિ તેવી કોઇપણ વસ્તુ/સેવાની ખરીદી જો આ ઠરાવ બહાર પાડ્યા તારીખ કે ત્યારબાદ કરવામાં આવેલ હોય અને તેનું બીલ રજુ કરવામાં આવે તો આ યોજનાનો લાભ મળવાપાત્ર બનશે.
૧૨	ચેક/ડીડી/બેન્કર્સ ચેક/એનઇએફટી/આરટીજીએસ વડે ચુકવણું કરી શકાય?	હા

૧૩	પાંચ વર્ષથી નાની વયનાં બાળકોનાં કિસ્સામાં રેલ્વે ભાડું ચુકવવાનું રહેતું નથી. તો આવા બાળકો આ યોજના હેઠળ આશ્રિત તરીકે ગણતરીમાં લેવાનાં રહે છે?	હા. જો રજા પ્રવાસ રાહત યોજના નિયમો મુજબ જે-તે બાળક આશ્રિત તરીકે ગણવામાં આવતો હોય તો.
૧૪	શું સ્વાયત્ત સંસ્થાઓને આ યોજના લાગુ પડે છે?	આ ઠરાવ બહાર પાડ્યા તારીખ પહેલાથી જો કોઇ સ્વાયત્ત સંસ્થા દ્વારા રાજ્ય સરકારનાં નિયમોનુસાર રજા પ્રવાસ રાહત યોજના લાગુ કરવામાં આવેલ હોય તો જે-તે સ્વાયત્ત સંસ્થા આ યોજના અપનાવવા બાબતમાં વિચારણા કરી શકે છે.
૧૫	આ ઠરાવ બહાર પાડ્યા તારીખ કે ત્યારબાદ ખરીદ કરવામાં આવેલ હોય અને આ ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ લેવા માટેનો વિકલ્પ આપવામાં આવેલ ન હોય તેવા કિસ્સામાં આ યોજનાનો લાભ મળવાપાત્ર છે?	આ ઠરાવ બહાર પાડ્યા તારીખ થી તા.૩૧/03/૨૦૨૧ દરમિયાન કરવામાં આવેલ ખરીદી માટે સદરહું યોજનાનો લાભ મળવાપાત્ર છે.
૧૬	જે-તે કર્મચારી ૧૦ દિવસથી ઓછી પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર મેળવી શકે છે?	રજા પ્રવાસ રાહત યોજનાનાં નિયમોની જોગવાઇઓ મુજબ પ્રાપ્ત રજાનું રોકડમાં રૂપાંતર મેળવી શકાય.
૧૭	પહેલા થી અસ્તિત્વમાં હોય તેવી વીમા યોજનાઓનાં પ્રિમીયમ માટેનાં ચુકવણાનો સમાવેશ આ યોજના અંતર્ગત થઇ શકે?	સદરહું યોજનાનો લાભ ૧૨% થી ઓછો નહિ તેવી વસ્તુ/સેવાની ખરીદી આ ઠરાવ બહાર પાડ્યા તારીખથી તા.૩૧/03/૨૦૨૧ દરમિયાન કરવામાં આવેલ હોય તેવા કિસ્સામાં જ મળવાપાત્ર છે.પહેલા થી અસ્તિત્વમાં હોય તેવી વીમા યોજનાઓનાં પ્રિમીયમનો સમાવેશ આ યોજના હેઠળ થતો નથી. તેમ છતાં, આ ઠરાવ બહાર પાડ્યા તારીખથી તા.૩૧/03/૨૦૨૧ દરમિયાન લેવામાં આવેલ ૧૨%થી ઓછો જીએસટી દર ન હોય તેવી વીમા પોલીસીનાં પ્રિમીયમનો ખર્ચ આ યોજના હેઠળ મળવાપાત્ર થશે.

૧૮	જે-તે કર્મચારી દ્વારા ખરીદ કરવામાં આવેલ વસ્તુ/સેવા પૈકીનાં ઓરીજીનલ બીલ ઉપાડ અને વહેંચણી અધિકારીને રજુ કરવા જરૂરી છે?	ના. જે-તે બીલ અંગેની સ્વપ્રમાણીત નકલ રજુ કરવાની રહેશે. પરંતુ, જરૂર જણાયે ઓરીજીનલ બીલ રજુ કરવાના રહેશે.
૧૯	સદરહું યોજના હેઠળ બીલ/વાઉચર તા.૩૧/03/૨૦૨૧ પહેલા રજુ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે. તા.૩૧/03/૨૦૨૧ કે તે પહેલા વય-નિવૃત્ત થતાં કર્મચારીઓનાં કિસ્સામાં પણ અંતિમ તારીખ આ જ રહેશે?	જે-તે કર્મચારી દ્વારા તેઓ વયનિવૃત્ત થાય તે તારીખે અથવા એ પહેલા વાઉચર/બીલો રજુ કરવાનાં રહેશે.

પરિશિષ્ટ-A

<u>ઉદાહરણઃ-</u>

જો કોઇ કર્મચારીનો મૂળ પગાર રૂ. ૫૦,૦૦૦/- છે અને તેના કુટુંબના ૪ સભ્યો હોય તો,

- કર્મચારીનો મૂળ પગાર = રૂ.૫૦,૦૦૦/-
- મોંઘવારી ભથ્થું =૧૬૪ % (છઠ્ઠા પગાર પંચ મુજબ)
- રજાનું રોકડમાં રૂપાંતર=[૫૦૦૦૦ + (૫૦૦૦૦ X ૧.૬૪)] X ૧૦= રૂ. ૪૪,૦૦૦/- **(A)**
  30
- સુચિત ભાડાની રકમ:રૂ.૨૦,૦૦૦/-(છઠ્ઠા પગાર પંચ મુજબ ગ્રેડ પે-૭૬૦૦ કે તેથી વધુ)
- કુટુંબના ૪ સભ્યોની ગણતરી ધ્યાને લેતાં,
- ભાડાની સુચિત રકમ : ૨૦,૦૦૦ X ૪ = રૂ. ૮૦,૦૦૦/- **(B)**
- મળવાપાત્ર મહત્તમ રકમ= રૂ. ૪૪,૦૦૦/- (A) + રૂ.૮૦,૦૦૦/- (B)= રૂ.૧,૨૪,૦૦૦/-
- યોજના અંતર્ગત રોકડનો સંપૂર્ણ લાભ લેવા માટે ખર્ચ કરવાની થતી ન્યુનતમ રકમ

=A+(3XB)

=૪૪,૦૦૦ + ૨,૪૦,૦૦૦ = ૨,૮૪,૦૦૦/-

(૧). રજાનું રોકડમાં રૂપાંતરની ટકાવારી = [૪૪,૦૦૦ X ૧૦૦ / ૨,૮૪,૦૦૦] = ૧૫.૪૯ %

(૨). સુચિત ભાડાની ટકાવારી = [૮૦,૦૦૦ X ૧૦૦ / ૨,૮૪,૦૦૦] = ૨૮.૧૬ %

- આમ, ઉપરોક્ત ઉદાહરણ મુજબ જો કોઇ કર્મચારી રૂ. ૨,૮૪,૦૦૦/- કે તેથી વધુ રકમનો ખર્ચ કરે તો તેને મહત્તમ રૂ.૨,૮૪,૦૦૦/- નાં ૪૩.૬૫% રકમ એટલે કે, કુલ રૂ.૧,૨૪,૦૦૦/- પરત મળવાપાત્ર થશે.

વધુમાં, જો કોઇ કર્મચારી દ્વારા આ યોજના અંતર્ગત રોકડનો સંપૂર્ણ લાભ લેવા માટે ખર્ચ કરવાની થતી ન્યુનત્તમ રકમ કરતા ઓછો ખર્ચ કરવામાં આવે તેવા કિસ્સામાં, ઉપર જણાવ્યા મુજબની ગણતરી વ્યક્તિગત કિસ્સામાં કર્યા મુજબ, રજાનાં રોકડમાં રૂપાંતર પેટે મળવાપાત્ર થતી રકમ અને ભાડાની રકમ પેટે મળવાપાત્ર થતી રકમ, આ યોજના અંતર્ગત મળવાપાત્ર થતી મહત્તમ રકમ (A+B) ની મર્યાદામાં મળવાપાત્ર થશે.

પરિશિષ્ટ- B

<u>ઉદાહરણઃ-</u>

જો કોઇ કર્મચારીનો મૂળ પગાર રૂ. ૫૦,૦૦૦/- છે અને તેના કુટુંબના ૪ સભ્યો હોય તો,

- કર્મચારીનો મૂળ પગાર = રૂ.૫૦,૦૦૦/-
- સુચિત ભાડાની રકમ:રૂ.૨૦,૦૦૦/-(છઠ્ઠા પગાર પંચ મુજબ ગ્રેડ પે-૭૬૦૦ કે તેથી વધુ)
- કુટુંબના ૪ સભ્યોની ગણતરી ધ્યાને લેતાં

  ભાડાની સુચિત રકમ : ૨૦,૦૦૦ X ૪ = રૂ. ૮૦,૦૦૦/-
- સંપૂર્ણ રોકડનો લાભ લેવા માટે કરવાના થતા ખર્ચની રકમ=૮૦,૦૦૦ X 3

  =૨,૪૦,૦૦૦/-
- મળવાપાત્ર મહત્તમ રકમ= રૂ. ૮૦,૦૦૦/-
- મળવાપાત્ર રોકડ લાભની રકમ =

$$\frac{\text{કર્મચારી દ્વારા કરવામાં આવેલ ખરેખર ખર્ચ X મળવાપાત્ર સૂચિત ભાડું}}{\text{સંપૂર્ણ રોકડનો લાભ લેવા માટે કરવાના થતા ખર્ચની રકમ}}$$

- જો, કર્મચારી દ્વારા રૂ.૨,૪૦,૦૦૦/- કે તેથી વધુનો ખર્ચ કરવામાં આવે તેવા કિસ્સામાં,

  મળવાપાત્ર રોકડ લાભની રકમ= $\frac{\text{૨,૪૦,૦૦૦ X ૮૦,૦૦૦}}{\text{૨,૪૦,૦૦૦}}$ = ૮૦,૦૦૦/-

- જો, કર્મચારી દ્વારા રૂ.૧,૨૦,૦૦૦/- (સંપૂર્ણ રોકડનો લાભ લેવા માટે કરવાના થતા ખર્ચની રકમ કરતા ઓછી રકમ)નો ખર્ચ કરવામાં આવે તેવા કિસ્સામાં,

  મળવાપાત્ર રોકડ લાભની રકમ= $\frac{\text{૧,૨૦,૦૦૦ X ૮૦,૦૦૦}}{\text{૨,૪૦,૦૦૦}}$ = ૪૦,૦૦૦/-

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં.૧૦૨-A તા.૦૬-૦૧-૨૦૨૧

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- 'સ્કૂલ સેફટી પોલીસી -૨૦૧૬' અંતર્ગત દરેક શાળાએ ત્રિમાસિક અહેવાલ આપવા બાબત.

આથી મ્યુનિ. શાળાઓના તમામ મુખ્ય શિક્ષકોશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે 'સ્કૂલ સેફ્ટી પૉલિસી -૨૦૧૬' અંતર્ગત તમામ શાળઓએ સ્કૂલ સેફ્ટી અંગેના સરકારશ્રી દ્વારા સૂચિત તમામ નોર્મ્સ પરિપૂર્ણ કરવાના થાય છે અને દર ત્રણ માસે 'સ્કૂલ સેફટી રીપોર્ટ' માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણને મોકલવાનો થાય છે. શાળાએ આપવાનો થતો ત્રિમાસિક સ્કૂલ સેફટી રીપોર્ટ નીચે બીડાણમાં સામેલ છે.

સદર રિપોર્ટમાં દર્શાવ્યા મુજબના તમામ ૯ વિધાન સંદર્ભે દરેક શાળા દ્વારા સ્કૂલ સેફ્ટીના નિયમોનું ચુસ્ત રીતે પાલન કરી અને કરાવી તથા તે અંતર્ગતની તમામ કામગીરી પરિપૂર્ણ કરવાની રહેશે. તેમજ દરેક શાળામાં સ્કૂલ સેફ્ટીની ફાઈલ ફરજીયાત પણે નિભાવવાની રહેશે. જેમાં દરેક વિધાન અંતર્ગત ફોટોગ્રાફ્સ, અહેવાલ, પરિપત્રો વગેરે જેવા આધારો તથા ડોક્યુમેન્ટ્સ નિભાવવાના રહેશે. જે સંદર્ભે દરેક વિધાનની સમજૂતી તથા ફાઇલમાં તે માટે રાખવાના થતા આધારો અને ડોક્યુમેન્ટ્સની સમજ નીચે મુજબ છે.

વિધાન-૧:- આ વિધાન અંતર્ગત દરેક શાળાએ શૈક્ષણિક વર્ષની શરૂઆતમાં (જુલાઈ માસમાં) 'સ્કુલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ પ્લાન' તૈયાર કરવાનો રહેશે. આ SDM પ્લાનનું ફોર્મેટ **'Gujarat State Disaster Management Authority'** ની વેબસાઈટ પરથી https://www.yumpu.com/xx/document/read/58846022/guj-school-dm-plan-format/4 link પરથી ડાઉનલોડ કરીને મેળવી શકાય છે. એ સિવાય બીટ સુપરવાઈઝરશ્રીનો સંપર્ક કરીને તેમની પાસેથી મેળવી શકો છો. આ પ્લાનમાં સ્કૂલ સેફ્ટી અંતર્ગત વિવિધ સમિતિઓ બનાવી સમગ્ર વર્ષ દરમિયાન શાળા સલામતી અંગેની વિવિધ કામગીરી કરવાની રહે છે. આ પ્લાન તૈયાર કરીને બીટ સુપરવાઈઝરશ્રી અને આસિ.એ.ઓ.શ્રી પાસે મંજૂર કરાવવાનો રહેશે. દર વર્ષે આ પ્લાન અપડેટ કરીને નવા વર્ષ માટે નવો બનાવવાનો રહેશે.

- ✶ અગાઉના વર્ષોના તમામ 'SDMP પ્લાન' શાળા કક્ષાએ ફાઇલમાં રાખવાના રહેશે. (ઓછામાં ઓછા છેલ્લા બે વર્ષના પ્લાન હોવા જ જોઈએ). જે શાળાએ આ પ્લાન તૈયાર કરેલ ના હોય તેમણે એક સપ્તાહમાં પ્લાન તૈયાર કરી દેવાનો રહેશે.

વિધાન-૨:- આ વિધાન અંતર્ગત દરેક શાળાનું 'સ્કૂલ સેફ્ટી પોલીસી' અંતર્ગત સ્થાનિક સત્તા દ્વારા સેફ્ટી ઑડિટ એટલેકે શાળા સુરક્ષાના નિયમોની તપાસણી કરવાની હોય છે. સ્કૂલ બોર્ડની તમામ શાળાઓ માટે સ્થાનિક સત્તા એટલે કે ફાયર વિભાગ, અ.મ્યુ.કો. દ્વારા સ્કૂલ સેફ્ટી અંતર્ગત NOC મેળવેલ હોઈ તમામ શાળામાં માળખાગત ઑડિટ થઈ ગયેલ છે એમ માનવું. જિલ્લામાંથી હસ્તાંતરિત થયેલ ૧૦૩ નવી શાળાઓ માટે આ કામગીરી સત્વરે પૂર્ણ કરાવવાની રહેશે.

વિધાન-૩:- આ વિધાન અંતર્ગત દરેક શાળાએ વર્ષમાં એક વાર સ્કૂલ સેફ્ટી અંતર્ગત 'આપત્તિ વ્યવસ્થાપન' માટેની મોકડ્રીલ ફરજીયાત રીતે કરાવવાની હોય છે. એ માટે શાળામાં આપત્તિ વ્યવસ્થાપનની ટીમ (૧૦૮ની ટીમ, ફાયર બ્રિગેડની ટીમ વગેરે) બોલાવીને મોકડ્રીલ યોજી શકાય. તેમજ શાળાએ જાતે પણ શિક્ષકોની મદદથી આપત્તિ વ્યવસ્થાપન માટેની મોકડ્રીલ યોજવી જોઈએ. વિદ્યાર્થીઓને આપત્તિથી બચવાના ઉપાયો શાળા કક્ષાએ પ્રત્યક્ષ ડેમો આપીને સમજ આપવાની રહેશે.

- ✶ આ પ્રકારની મોકડ્રીલના ફોટોગ્રાફ્સ, તારીખ સાથેના અહેવાલ વગેરે જેવા ડૉક્યુમેન્ટ્સ ફાઈલમાં રાખવાના રહેશે. અગાઉના વર્ષોમાં યોજેલ મોકડ્રીલના આધારો પણ ફાઈલમાં રાખવા (ઓછામાં ઓછા છેલ્લા બે વર્ષના આધારો હોવા જોઈએ). જે શાળાઓએ ચાલુ વર્ષની કોવિડ-૧૯ વૈશ્વિક મહામારીને કારણે મોકડ્રીલ યોજી નથી તેમણે સરકારશ્રીના આદેશ પછી શાળાઓમાં વિદ્યાર્થીઓ નિયમિત આવતા થાય ત્યારે સત્વરે મોકડ્રીલ યોજવાની રહેશે.

વિધાન-૪:- આ વિધાન અંતર્ગત દરેક શાળામાં અગ્નિશામક સાધનો (ફાયર એક્સિટ્ન્ગ્યુશર) ઇન્સ્ટૉલ કરેલા હોવા જોઈએ. સમયાંતરે આ સાધનોને ફીલ-અપ કરાવવાની તેમજ કાર્યરત રાખવાની જવાબદારી શાળાના મુખ્ય શિક્ષકની રહેશે.

- ✶ શાળામાં લગાવેલ ફાયર એક્સિટ્ન્ગ્યુશરના ફોટોગ્રાફ્સ, ઇન્સ્ટોલ કરેલ તારીખનો પત્ર, વાઉચર વગેરે ફાઈલમાં રાખવાના રહેશે.

<u>વિધાન-૫:-</u> આ વિધાન અંતર્ગત શાળામાં 'જ્વલંત પદાર્થો' અને 'ઝેરી પદાર્થો' સંદર્ભે સુરક્ષાના નિયમોનું પાલન કરવાનું હોય છે. જેથી શાળામાં કોઈપણ પ્રકારના જ્વલંત કે ઝેરી પદાર્થો હોવા જોઈએ નહિ. શાળામાં ગેસનો સ્ટવ હોયતો, તેમજ અભ્યાસક્રમના ભાગરૂપે રાખેલ કેમિકલ્સ અથવા કોઈપણ હાનિકારક પદાર્થોના સ્ટોરેજની વ્યવસ્થા વિદ્યાર્થીઓની સલામતીને ધ્યાનમાં રાખીને યોગ્ય રીતે કરેલી હોવી જોઈએ. ઉપરાંત આ અંતર્ગત શાળામાં ક્યાંય પણ વીજળીના ખુલ્લા કે લટકતા તાર, ખાસ કરીને પાણીની ટાંકીની ઓરડીમાં કે પાણીની પરબ પાસે હોવા જોઈએ નહિ. આ પ્રકારની કોઈપણ નાની મોટી બેદરકારીના કારણે શાળામાં કોઈ દુર્ઘટના બને નહિ, તે બાબતે કાળજી રાખવાની જવાબદારી મુખ્ય શિક્ષકની રહેશે.

<u>વિધાન-૬:-</u> આ વિધાન અંતર્ગત દરેક શાળાનું 'સ્થાનિક સત્તા' એટલે કે ફાયર વિભાગ, અ.મ્યુ.કો. દ્વારા શાળા સલામતી અંગેની તપાસણી કરીને ખરાઈ કરવાની હોય છે. જે અંતર્ગત સ્કુલ બોર્ડની તમામ શાળાઓનું સ્થાનિક સત્તા દ્વારા સુરક્ષા તપાસણી થઈ 'સ્કુલ સેફ્ટી'ની NOC મળેલ છે. જિલ્લામાંથી હસ્તાંતરિત થયેલ નવી શાળાઓ માટે આ કામગીરી સત્વરે પુરી કરાવવાની રહેશે.

<u>વિધાન-૭:-</u> આ વિધાન અંતર્ગત દરેક શાળાએ **RTE-2010** ના નિયમ -૧૫ ના પેટા નિયમ- ૪ અંતર્ગત 'શાળા માન્યતા પ્રમાણપત્ર' મેળવેલુ હોવુ જોઈએ. સ્કુલ બોર્ડની તેમજ જીલ્લામાંથી આવેલ તમામ શાળાઓ માન્યતા પ્રમાણપત્ર ધરાવતી શાળાઓ છે.

<u>વિધાન-૮:-</u> આ વિધાન અંતર્ગત શાળાના તમામ શિક્ષકોને તથા વિદ્યાર્થીઓને વર્ષ દરમિયાન સમયાંતરે આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ મળેલી હોવી જોઈએ. આ સંદર્ભે સમયાંતરે સ્કૂલ બોર્ડ દ્વારા સ્કૂલ સેફ્ટી અંગેની તાલીમનું તમામ શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે સામુહિક આયોજન કરવામાં આવતું હોય છે. એ ઉપરાંત દરેક શાળાએ જાતે પણ સરકારશ્રીના આદેશ બાદ વિદ્યાર્થીઓ જયારે નિયમિત રીતે આવતા થાય તે પછી આવી તાલીમનું આયોજન કરવાનું રહેશે. વર્ષમાં ઓછામાં ઓછી બે વાર શિક્ષકોની તથા વિદ્યાર્થીઓની આપત્તિ વ્યવસ્થાપન માટેની તાલીમ યોજવાની રહેશે. એ માટે ૧૦૮ની ટીમ અથવા ફાયર બ્રિગેડની ટીમ અથવા શાળાના શિક્ષકોની મદદથી આ તાલીમ યોજી શકાય.

- આ પ્રકારની તાલીમના ફોટોગ્રાફ્સ, અહેવાલ વગેરે જેવા ડૉક્યુમેન્ટ્સ ફાઈલમાં રાખવાના રહેશે. અગાઉના વર્ષોમાં યોજેલ તાલીમના આધારો પણ ફાઈલમાં રાખવા (ઓછામાં ઓછા છેલ્લા બે વર્ષના આધારો હોવા જોઈએ).

<u>વિધાન-૯:-</u> આ વિધાન અંતર્ગત અભ્યાસક્રમના ભાગરૂપે વિદ્યાર્થીઓને આપત્તિ વ્યવસ્થાપનની સમજ આપવાની હોય છે. આ માટે પાઠ્યપુસ્તકોમાં આપત્તિ વ્યવસ્થાપન અંગેના પ્રકરણોનો સમાવેશ થતો હોય છે. એ સિવાય પણ શાળામાં વર્ગશિક્ષકે વિદ્યાર્થીઓના ધોરણ અને વયકક્ષા અનુસારની આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ અને સમજ આપવાની રહેશે.

- અભ્યાસક્રમના ભાગરૂપે આવી વર્ગખંડમાં આપેલી સમજ અને તાલીમના ફોટોગ્રાફ્સ અને અહેવાલ વગેરે જેવા ડૉક્યુમેન્ટ્સ સમયાંતરે ફાઈલમાં રાખવા..

આમ ઉપર જણાવ્યા પ્રમાણે દરેક શાળાએ સ્કૂલ સેફ્ટી રિપોર્ટમાં જણાવ્યા મુજબના તમામ વિધાનો અંતર્ગત સ્કુલ સેફ્ટીના નિયમોનું ચુસ્ત પાલન કરવાનું રહેશે. તમામ વિધાનો અંગેની કામગીરી ફરજીયાત પૂર્ણ કરવાની રહેશે તથા 'સ્કુલ સેફ્ટી'ની ઉપર જણાવ્યા મુજબની ફાઈલ ફરજિયાત નિભાવવાની રહેશે. જેમાં દરેક વિધાનો મુજબના આધારો અલગ–અલગ ગોઠવી એક સપ્તાહમાં ફાઈલ તૈયાર કરવાની રહેશે. તથા સદર ફાઈલને તા.૧૯-૦૧-૨૦૨૧ અને તા.૨૦-૦૧-૨૦૨૧ ના રોજ સુપરવાઈઝરશ્રી અને આસિ.એ.ઓ.શ્રી પાસે મંજૂર કરાવવાની રહેશે. ઉપરાંત દર ત્રણ માસના અંતરે આ ફાઈલ અપડેટ કરવાની રહેશે. દર ત્રણ માસે દરેક ઝોન દ્વારા સ્કૂલ સેફ્ટી રિપોર્ટની ગુગલ શીટ મુકવામાં આવશે. જેમાં દરેક શાળાએ પોતાની શાળાનો વિધાન વાર રિપોર્ટ ભરવાનો રહેશે તથા રીપોર્ટની હાર્ડકોપી ઝોનમાં મોકલવાની રહેશે. દરેક વિધાનની કામગીરી પૂર્ણ થાય તેની જવાબદારી શાળા કક્ષાએ મુખ્ય શિક્ષકની રહેશે. શાળાવાર રિપોર્ટના આધારે ઝોન કક્ષાનો અને તેના આધારે સ્કુલ બોર્ડ કક્ષાનો રિપોર્ટ તૈયાર કરવામાં આવશે, જેને માન.નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણને દર ત્રણ માસના અંતરે પહોંચાડવામાં આવશે.

સ્કુલ સેફ્ટી પૉલીસી-૨૦૧૬ અંતર્ગત તમામ શાળાએ સ્કુલ સેફ્ટીના નિયમોનું ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

ખાસ નોંધ : કોવિડ -૧૯ વૈશ્વિક મહામારી અંતર્ગત હાલમાં વિદ્યાર્થીઓ શાળામાં આવતા નથી. જેથી વિદ્યાર્થીઓને લગતી કોઇપણ પ્રવૃત્તિ સરકારશ્રીના આદેશ પછી વિદ્યાર્થીઓ જયારે નિયમિત રીતે શાળામાં આવતા થાય તે પછી જ કરવાની રહેશે.

તા.૦૬-૦૧-૨૦૨૧

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

SCHOOL SAFETY REPORT
શાળા સલામતી અહેવાલ

શાળાનું નામ:.. **તા.**

S.No: વિધાન નં.	**Activity:**	**Done** **Yes or No**
1.	Number of Schools which have finalized the school disaster management plan(SDMP) ('શાળા આપાતકાલિન વ્યવસ્થાપન પ્લાન' તૈયાર કરેલ શાળાઓનીસંખ્યા).	
2.	Number of schools which have conducted safety audits: a) Structura (સુરક્ષા ઓડિટ કરેલ શાળાઓની સંખ્યા) a.માળખાગત	
	b)Non-Structural (**b.** બિન –માળખાગત)	
3.	Number of Schools which have conducted annual mock drills ('વાર્ષિક મોક ડ્રીલ ' કરાવેલ શાળાઓની સંખ્યા).	
4.	Number of schools where fire extinguishers have been installed (અગ્નિશામક સાધનો લગાવેલ હોય તેવી શાળાઓની સંખ્યા.)	
5.	Number of school which adhere to safety norms with respect to storage to inflammable and toxic material (આગ લાગે તેવા અને ઝેરીલા પદાર્થોના સંદર્ભમાં સુરક્ષા નિયમોને અનુસરતી શાળાઓની સંખ્યા.)	
6.	Number of schools which conform to the safety stands as per local building bye-laws (as approved by local authorities) ('સ્થાનિક બિલ્ડીંગ **bye-laws** (સ્થાનિક સત્તા દ્વારા મંજૂર થયેલ) દ્વારા સુરક્ષા નીયમોની ખરાઈ કરેલ શાળાઓની સંખ્યા).	
7.	Number of schools which have been issued "Recognition Certificate" under sub-rule (4)-Rule 15 of RTE rules 2010 (only to schools that comply with structural safety norms) (**RTE** નિયમો ૨૦૧૦ પેટા નિયમ **(4)** – નિયમ **15** અંતર્ગત માન્યતા સર્ટિફિકેટ મળેલ શાળાઓની સંખ્યા).	
8.	Number of schools where students and teachers undergo regular training in school safely and disaster preparedness (વિદ્યાર્થીઓ અને શિક્ષકોને શાળા સુરક્ષા અને આપત્તિ વ્યવસ્થાપનની નિયમિત તાલીમ અપાતી હોય તેવી શાળાઓની સંખ્યા).	
9.	Number of schools where disaster management is being taught as part of curriculum. (અભ્યાસક્રમના ભાગ તરીકે આપાતકાલીન વ્યવસ્થાપન ભણાવવામાં આવતું હોય તેવી શાળાઓની સંખ્યા).	

તા. મુખ્ય શિક્ષક